सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| રજુ કર્યા તારીખ | ૧૨/૧૧/૨૦૨૪ | | |
| નોંધણી કર્યા તારીખ | ૧૨/૧૧/૨૦૨૪ | | |
| નિર્ણય કર્યા તારીખ | ૧૭/૦૩/૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ : | માસ : | દિવસ : |
| | ૦૨ | ૦૮ | ૦૫ |

## <u>જામનગરના મહે. અધિક ચીફ જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની અદાલતમાં, મુકામ–જામનગર.</u>

**ફોજદારી કેસ નં.૧૧૩૩૦/૨૦૨૪**

**આંક :–**

**ફરીયાદી :– શ્રી સરકાર**

**–:: <u>વિરૂધ્ધ</u> ::–**

**આરોપીઓ :– (૧) સાગરભાઇ મનસુખભાઇ ધામી (પતિ)**

ઉ.વ. ૩૬, ધંધો–ખેતીકામ
રહે.ફલેટ નં.૫૦૧ શ્રી રેસીડેન્સી ઓશવાળ–૪
સોસાયટી શેરી નં.૩ અંડર બ્રીજ પાસે,જામનગર.

**(૨) ચંદ્રીકાબેન મનસુખભાઇ ધામી (સાસુ)**

ઉ.વ. ૫૪, ધંધો–ઘરકામ
રહે.ફલેટ નં.૫૦૧ શ્રી રેસીડેન્સી ઓશવાળ–૪
સોસાયટી શેરી નં.૩ અંડર બ્રીજ પાસે,જામનગર.

**(૩) ધવલ મનસુખભાઇ મોહનભાઇ ધામી (દીયર)**
ઉ.વ. ૩૧, ધંધો–સપ્લાયનું કામ ઉદ્યોગમાં,
રહે.ફલેટ નં.૫૦૧ શ્રી રેસીડેન્સી ઓશવાળ–૪
સોસાયટી શેરી નં.૩ અંડર બ્રીજ પાસે,જામનગર.

**(૪) મોનીકાબેન ધવલભાઇ ધામી (દેરાણી)**
ઉ.વ. ૩૨, ધંધો– પ્રા.નોકરી
રહે. ઓશવાળ ૪, શેરી નં. ૩, નેશનલ કોમ્પ્યુટર કોલેજની
સામે, શ્રી રેસીડેન્સી ૫૦૧, જામનગર.

| | |
|---|---|
| **ફરીયાદી તરફે** | વિ.એ.પી.પી.શ્રી પી.જે.પટેલ |
| **આરોપી તરફે** | વિ.વ.શ્રી વી.વાય.જાની |

**ગુનો :– ભારતીય ન્યાયસંહીતાની કલમ–૮૫, ૧૧૫(૨), ૫૪ મુજબ...**

**–:: <u>ઠરાવ</u> ::–**

**(૧)** આ કામના આરોપીઓ ઉપર ભારતીય ન્યાયસંહિતાની કલમ–૮૫,૧૧૫(૨), ૫૪ મુજબનાં શિક્ષાને પાત્ર ગુનાનો આરોપ છે. ફરીયાદની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓ ફરિયાદીના પતિ, સાસુ, દીયર તથા દેરાણી થતા હોય જે ફરીયાદીના લગ્નજીવન દરમ્યાન તેણીને શારીરિક માનસિક દુઃખ ત્રાસ આપી ફરીયાદી સાથે ઝગડો કરી મારકુટ કરી એકબીજાની મદદગારી કરી, ભારતીય ન્યાય સંહિતાની કલમ–૮૫, ૧૧૫(૨), ૫૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે.

(૨) આરોપીઓ સામે ચાર્જશીટ રજૂ થતાં આરોપીઓ સામે ઉપરોકત ગુન્હાનું સંજ્ઞાન લઈ, આરોપીઓને સમન્સ/વોરંટ ધોરણસર બજી જતાં જેનાં અનુસંધાને આરોપીઓ અત્રેની અદાલતમાં ઉપસ્થિત થયેલ. ત્યારબાદ આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ- ૨૦૭ મુજબ ચાર્જશીટ તથા તમામ પોલીસ પેપર્સની નકલો મળી ગયેલ હોવાની ખાત્રી કર્યા બાદ આંક-૧૦ થી તહોમતનામું ફરમાવી, આંક-૧૧ થી આંક-૧૪ સુધી ગુન્હા અંગે સમજ આપી નિવેદન લેવામાં આવતાં આરોપીઓએ ગુન્હાનો ઈન્કાર કરેલ. ત્યારબાદ ફરિયાદપક્ષનો પુરાવો લેવામાં આવેલ.

(૩) ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષ તર્ફે આરોપીઓ સામેનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબનો મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**-:: મૌખિક પુરાવો ::-**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી ખુશ્બુબેન સાગરભાઇ ધામીની જુબાની | ૧૯ |

**-:: દસ્તાવેજી પુરાવો ::-**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૨૦ |
| ૨ | કલોઝીંગ પુરશીસ | ૨૧ |

(૪) ત્યારબાદ ફરીયાદપક્ષ તર્ફે વધુ કોઈ પુરાવો રજુ કરવા માંગતા ન હોય વિ.એ.પી.પી. શ્રી તથા મુળ ફરીયાદીએ ફરીયાદપક્ષનો પુરાવો પૂર્ણ થયાનું જાહેર કરેલ.

(૫) ત્યારબાદ ફરિયાદપક્ષે રજૂ થયેલ પ્રસ્તુત પુરાવા ઉપરથી આ કામે આરોપીઓનું વિશેષ નિવેદન લેવામાં આવતા, આરોપીઓએ ફરિયાદ પક્ષનો પુરાવો તેઓની રૂબરૂ અને સાંભળતા લેવામાં આવેલ હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. જયારે બાકીના પૂછવામાં આવેલ પ્રશ્નોનો ઈન્કારીયતભર્યો જવાબ આપી, જાતે સોગંદ ઉપર જુબાની આપવાનો તથા બચાવના સાહેદો તપાસવાનો ઈન્કાર કરેલ છે. અને વિશેષમાં તેઓએ નિર્દોષ હોવાની રજૂઆત કરેલ છે.

(૬) ત્યારબાદ આ કામે બંને પક્ષના વિ.વ.શ્રીઓની વિગતવારની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૭) ઉપરોકત રજુ થયેલ પુરાવાને આધારે હાલના કેસના નયાયિક નિર્ણય સારૂ મારી સમક્ષ નીચે મુજબના મુદા ઉપસ્થિત થયેલ છે.

**-:: મુદા ::-**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓ ફરિયાદીના પતિ, સાસુ, દીયર તથા દેરાણી થતા હોય જે ફરીયાદીના લગ્નજીવન દરમ્યાન તેણીને શારીરિક માનસિક દુ:ખ ત્રાસ આપી ફરીયાદી સાથે ઝગડો કરી મારકુટ કરી એકબીજાની મદદગારી કરી, ભારતીય ન્યાય સંહિતાની કલમ-૮૫, ૧૧૫(૨),૫૪ મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૮) ઉપરોકત મુદાઓ સંદર્ભે મારા નિર્ણયો અને તેના કારણો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

## –:: <u>નિર્ણય માટેના કારણો</u> ::–

**મુદા નં.૧.**

(૯) હવે, આ કામે ફરીયાદની હકીકત જોતાં આ કામના આરોપીઓ ઉપર ફરિયાદી સાથે ઝઘડો કરી, શારીરિક તથા માનસિક દુ:ખત્રાસ આપી, ભુંડી ગાળો બોલી, મારકૂટ કરી, એકબીજાની મદદગારી કરેલાનો આક્ષેપ કરવામાં આવેલ છે.

(૧૦)ફોજદારી ન્યાયતંત્રનાં સ્થાપિત સિધ્ધાંત મુજબ એવું અનુમાન કરવાનું હોય છે કે જયારે સાહેદ સોગંદ ઉપરની જુબાની આપે છે ત્યારે તેઓ પોતાનાં જ્ઞાન અને માહિતી મુજબ સાચુ જ બોલતાં હોય છે.સિવાય કે તેનાથી વિરૂધ્ધની હકીકતો સાબિત કરવામાં આવે.જયાં સુધી એવી હકીકત સાબિત કરવામાં ના આવે કે સાહેદને ખોટું બોલવા કોઈ કારણ છે ત્યાં સુધી તેમની જુબાની વિશે શંકા કરવા કોઈ કારણ રહેતું નથી. પુરાવાનું મૂલ્યાંકન શબ્દને પુરાવાનાં કાયદામાં કયાંય વ્યાખ્યાબંધ કરવામાં આવેલ નથી કે તે માટે કાનૂન સમર્થિતક કોઈ નિયમ નથી. પુરાવાનું મૂલ્યાંકન કેવી રીતે કરવું તે દરેક કેસની હકીકતો અને સંજોગો પર આધારિત હોય છે. ક્રિમીનલ જસ્ટીસ સીસ્ટમમાં સત્ય શું કે તેનો નિર્ણય કરવા માટે ફરીયાદપક્ષ દવારા પ્રસ્તુત કરવામાં આવેલ પુરાવાની છણાવટ ઉપર આધાર રહેલ છે. પુરાવાની છણાવટ કેવી રીતે કરવી તે માટેનાં કોઈ ચોકકસ નિયમો ઘડવામાં આવેલ નથી. કારણ કે દરેક કેસની હકીકત પુરાવો આજુબાજુનાં પરિબળો તે તમામે હકીકતો ભિન્ન ભિન્ન પ્રકારની હોય છે.

**(૧૦.૧)** પુરાવાનાં મૂલ્યાંકનનો આધાર પુરાવાનાં કાયદાની કલમ–૩ માં કરવામાં આવેલી સાબિત અને નાસાબિતની વ્યાખ્યા પર આધારિત છે. સાબિત થયેલી હકીકતો કોને કહેવાય તે જોવામાં આવે તો અદાલત સમક્ષ પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યકિત જે તે સંજોગોમાં જે તે હકીકતનું અસ્તિત્વ હોવાનું માને તો તેવી હકીકત સાબિત થયેલી ગણાય.

**(૧૦.૨)** ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરીયાદપક્ષ પર રહે છે. ફરીયાદપક્ષે પોતાની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોય છે. દિવાની કાર્યવાહીમાં જે રીતે સંભવિતતાં દર્શાવવામાં આવતી હોય છે તેવી હકીકત ફોજદારી કાર્યવાહીમાં હોતી નથી. ફોજદારી કાર્યવાહીનાં તમામ તબકકે પુરાવાનો બોજો કયારેય આરોપીઓ પર ખસતો નથી. ફરીયાદપક્ષે માત્ર સંભવિતતાં જ દર્શાવવાની હોતી નથી પરંતુ આરોપીઓ પરનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવાનું રહે છે. ફોજદારી કાર્યવાહીમાં આરોપીઓ જો કોઈ અપવાદોનો લાભ લેવા માંગતાં હોય તો પણ તેમણે પુરાવાનાં કાયદાની કલમ–૧૦૫ મુજબ સંભવિતતાં દર્શાવવાની રહે છે. આરોપીઓએ અપવાદ માટેની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોતી નથી.

**(૧૧)** હવે, ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરતા આ કામે આંક–૧૯થી ફરીયાદી ખુશ્બુબેન સાગરભાઇ ધામીને તપાસવામાં આવેલા છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેમના લગ્ન સાગર સાથે તારીખ ૦૫/૧૨/૨૦૨૪ ના રોજ થયેલા હતા. લગ્ન બાદ તેઓ તેમના પરીવાર સાથે સયુંકત કુટુંબમાં રહેવા ગયેલ હતા. ત્યારબાદ તેમને અને તેમના સાસુ સસરા વચ્ચે ઘરકામ બાબતે તેમજ નાની નાની

બાબતે બોલાચાલી થયેલી અને ઝગડાઓ થતા હતા. જેનું મનદુખ રાખી તેમને હાલની ફરીયાદ કરેલી હતી. તેમને ફરીયાદ બતાવવામા આવે છે. જેમા તેમની સહી છે. જે ઓળખી બતાવે છે. ફરીયાદને રજુ દા.આંક–૨૦ આપવામાં આવે છે.

**(૧૧.૧)** વધુમાં તેઓ જણાવે છે કે, આરોપીઓ તેમના સસરા પક્ષના થતા હોય તેઓને જોયેથી ઓળખે છે. જે તે સમયે તેમની વચ્ચે નાની નાની બાબતોએ મનદુખ થવાના કારણે તેઓ તેમના પિયર ગયેલ હતા. ત્યારબાદ તેમની વચ્ચે સમાધાનથી ઘર સંસાર આગળ ચલાવવાનું નકકી થયેલુ ન હોવાથી, તેમને તેડવા માટે આવેલા ન હોવાથી તેમને જે તે સમયે ફરીયાદ કરેલી હતી. આ સિવાય બીજુ કાંઈ બનેલ ન હતું.

**(૧૧.૨)** ફરિયાદીએ પોતાની ફરિયાદને સમર્થન આપેલ ન હોય તેમને ફરી ગયેલા જાહેર કરી વિ.એ.પી.પી.શ્રીને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવામાં આવેલ. જેથી સદર સાહેદની વિ.એ.પી.પી.શ્રી દ્વારા કરવામાં ઉલટતપાસ કરવામાં આવેલ તેમાં પણ તેઓએ પોતાની ફરિયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી.

**(૧૦.3)** ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમને તેમના પતિ સાથે સામાન્ય બોલાચાલી અને મતભેદ થયેલા હતા. સદર સાહેદ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમને પોલીસને આ બાબતેની જ હકીકત જણાવેલી હતી. સદર સાહેદ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે તેમનું નામ ઠામ અને આરોપીઓનું નામ ઠામ, ઉંમર પુછેલી હતી તે સિવાય પોલીસે તેમને કાંઇ પુછેલું ન હતું. સદર સાહેદ એ

હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે તેમને તૈયાર કાગળમાં સહી કરાવી લીધેલી. સદર સાહેદ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીઓએ તેમને કયારેય કોઈપણ પ્રકારે શારીરિક કે માનસિક ત્રાસ આપેલ નથી. સદર સાહેદ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓ રાજીખુશીથી સ્વૈચ્છાએ જુબાની આપે છે.

**(૧૨)** આ કામે રેકર્ડ પરનો પુરાવો જોતા, ફરિયાદપક્ષે તપાસવામાં આવેલ ફરિયાદીએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં તેમને સાસરીમાં નાનીનાની બાબતોમાં બોલાચાલી થતા તેના કારણે તેઓ તેમના પિયરે જતા રહેલા અને હાલ તેઓ તેમના સાસરે રહેતા હોવાનું અને તેમને આરોપીઓ સાથે ઘરમેળે સમાધાન થઈ ગયેલ હોવાનું જણાવેલ છે. ફરિયાદીએ પોતાની સોગંદ ઉપરની સરતપાસમાં ફકત બોલાચાલી થયેલ હોવાનું જ જણાવેલ છે, તેઓએ કયાંય પણ તેમને તેમની સાસરીમાં શારીરિક-માનસિક દુ:ખત્રાસ આપવામાં આવતો હોવાની હકીકત જણાવેલ નથી. તેઓએ પોતાની ઉલટતપાસમાં પણ એ હકીકત કબૂલ રાખેલ છે કે, તેમને તેમની સાસરીમાં ક્યારેય માર મારવામાં આવેલ નથી. આમ, ફરિયાદીએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં ફરિયાદથી તદન વિરુધ્ધનો પુરાવો આપેલ છે અને આરોપીઓને તકસીરવાર ઠરાવી શકાય તેવી કોઈ હકીકત જણાવેલ નથી. તેમજ ફરિયાદીએ પોતાના પુરાવામાં તેમને આરોપીઓ સાથે ઘરમેળે સમાધાન થઈ ગયેલ હોવાનું અને તેઓ આ કેસ આગળ ચલાવવા માંગતા ન હોવાનું જણાવેલ છે. આમ, જયારે પક્ષકારોના કૃત્યો સમાજ વિરોધી ના હોય ત્યારે પક્ષકારો વચ્ચેની તકરારોનું કાયમી નિવારણ આવે તે માટે કોર્ટે પ્રયત્નો કરવા જોઈએ. આવી હકીકતો હોય ત્યારે કોર્ટે વધુ પડતો ટેકનીકલ વ્યુહ લેવો ના જોઈએ તેવુ આ અદાલતનું માનવું છે.

**(૧૩)** વધુમાં, આ કેસની હકીકતોને ધ્યાને લેતાં બંને પક્ષો વચ્ચે બોલાચાલી અથવા ઝઘડો થયેલ હોય તેવું રેકર્ડ પર આવે છે પરંતુ ફોજદારી ન્યાયશાસ્ત્રનાં સિધ્ધાંત મુજબ ફરીયાદીની ફરીયાદ લેશમાત્ર શંકા ઉપજાવે તેવી હોય તો આવી શંકાનો લાભચોકકસપણે આરોપીઓને જ મળે છે. તે ઉપરાંત જયારે કેસનાં સંજોગોમાં જોતાં બે વ્યુ આવતાં હોય તો તે સમયે આરોપીઓનાં લાભનો વ્યુ અપનાવવો જોઈએ. આ અંગે નામદાર વડી અદાલતનાં નીચેનાં ચુકાદા ને ધ્યાને લેતાં...

It was held in the case of Bhagwan Singh and others versus State of Madhya Pradesh, 2002 (2) RCR (Cri.) (S.C) 593, that if two view are possible on the evidence adduced in the case, one pointing to the guilt of the accused and the other of his innocence, the view which is favourable to the accused be adopted.

**(૧૩.૨)** ઉપરોકત ચુકાદામાં નામદાર વડી અદાલતે ઠરાવ્યા મુજબ પણ આ કામે શંકાનો લાભ આરોપીઓને મળવાપાત્ર હોય તેવું આ અદાલતનું માનવું છે.

**(૧૪)** આમ, સમગ્ર હકીકતે ફરીયાદપક્ષ આ કામના આરોપીઓએ ફરિયાદીના લગ્નજીવન દરમિયાન નાનીનાની બાબતમાં ઝઘડો કરી, શારીરિક તથા માનસિક દુ:ખત્રાસ આપી, ભુંડી ગાળો બોલી, મારકૂટ કરી, એકબીજાની મદદગારી કરી, ભારતીય ન્યાયસંહિતા ૨૦૨૩ની કલમ-૮૫, ૧૧૫(૨), ૫૪ મુજબનો ગુનો કરેલ હોવાનું નિ:શંકપણ પુરવાર કરી શકેલ ન હોય, આ કેસના નિર્ણય

અર્થે ઉપસ્થિત થયેલ મુદા નં. '**૧**' નો જવાબ '**નકારમાં**' ઠરાવી મુદા નં. '**૨**' પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

## -:: આખરી હુકમ ::-

**૧.** આ કામના આરોપી નં.(૧)સાગરભાઇ મનસુખભાઇ ધામી રહે.ફલેટ નં.૫૦૧ શ્રી રેસીડેન્સી ઓશવાળ-૪ સોસાયટી શેરી નં.૩ અંડર બ્રીજ પાસે,જામનગર તથા આરોપી નં.(૨)ચંદ્રીકાબેન મનસુખભાઇ ધામી રહે.ફલેટ નં.૫૦૧ શ્રી રેસીડેન્સી ઓશવાળ-૪ સોસાયટી શેરી નં.૩ અંડર બ્રીજ પાસે,જામનગર તથા આરોપી નં.(૩)ધવલ મનસુખભાઇ મોહનભાઇ ધામી રહે.ફલેટ નં.૫૦૧ શ્રી રેસીડેન્સી ઓશવાળ-૪ સોસાયટી શેરી નં.૩ અંડર બ્રીજ પાસે,જામનગર તથા આરોપી નં.(૪)મોનીકાબેન ધવલભાઇ ધામી રહે.ફલેટ નં.૫૦૧ શ્રી રેસીડેન્સી ઓશવાળ-૪ સોસાયટી શેરી નં.૩ અંડર બ્રીજ પાસે,જામનગરનાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૮૫,૧૧૫(૨),૫૪ મુજબનાં શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આરોપીઓએ અગાઉ રજુ કરેલ જામીનખત તથા જાતમુચરકા રદ કરવામાં આવે છે તથા ફોજદારી કાર્યરીતી સંહીતા, ૧૯૭૩ની કલમ-૪૩૭(એ) હેઠળ અપીલ સમય સુધી નવા સધ્ધર જામીન રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજરોજ તા :૧૭મી, માહે :માર્ચ, સને : ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

જામનગર.
તા.૧૭/૦૩/૨૦૨૬

**(મેહુલકુમાર કિશોરસિંહ ખેર)**
પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ &
અધિક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,જામનગર.
(કોડ નંબર -GJ00859 )